# જિલ્લાભરમાં આજે કોરોનાના ભય વચ્ચે સાદગીપૂર્વક રામ જન્મોત્સવ ઉજવાશે

### મોટાભાગના રામજી મંદિરોમાં ભક્તોને પ્રવેશ ઉપર પાબંધી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૦

કરોડો લોકોના આસ્થાના પ્રતિક એવા ભગવાન શ્રી રામનો આજે જન્મોત્સવ છે પરંતુ કોરોનાના કારણે સાદગીપૂર્વક રામ જન્મોત્સવ જૂજ ભક્તોની ઉપસ્થિતિમાં પણ કરવી મુશ્કેલ છે ત્યારે આજે ચૈત્ર સુદ નોમ ને બુધવારે મર્યાદા પુરૂષોત્તમ શ્રી રામનો પ્રાગટ્ય દિવસ હોવાથી જિલ્લાભરમાં તેની સાદગીપૂર્વક ઉજવણી થશે. અયોધ્યામાં રામ મંદિર નિર્માણની



યોજાશે. મોટાભાગના રામજી મંદિરોમાં ભક્તોને પ્રવેશ ઉપર પાબંધી લગાવવામાં આવી છે.

ભારતીય સંસ્કૃતિમાં શ્રી રામનું જીવન આદર્શ જીવન જીવવા માટે અનાદીકાળથી પ્રેરણા આપતું રહ્યું છે. કરોડો હિન્દુઓના આરાધ્ય ભગવાન શ્રી રામનું નામ માત્ર જ ભવસાગર તરવા માટે પૂરતું છે. રામ નામનું તત્વ જ ભક્તોને અનેક કષ્ટોમાંથી મુક્તિ અપાવતું આવ્યું છે જેથી ભાગ્યે જ કોઈ ગામ એવું હશે કે જ્યાં રામજી મંદિર ન હોય..!! ભગવાન શ્રીરામના અસ્તિત્વ વગર જીવનની કલ્પના કામગીરી શરૂ થઈ છે જેથી રામ ભક્તોમાં પણ વધુ ઉત્સાહ જોવા મળ્યો છે પરંતુ કોરોનાના કારણે માત્ર સાદગીપૂર્વક રામ જન્મોત્સવ ઉજવવાનો અનેક રામજી મંદિરના મહંતો અને ભક્તોએ નિર્ણય કર્યો છે.

## શામળાજી મંદિર ૧૦ દિવસ માટે બંધ રાખવાનો નિર્ણય

અરવલ્લીના શામળાજીનું મંદિર કોરોનાનું ગ્રહણ વધતાં તા.૩૦ એપ્રિલ સુધી બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે.

# કોરોનાનું ગ્રહણ : ભિલોડાનું બજાર રવિવારે સંપૂર્ણ બંધ

### અન્ય દિવસોમાં સાંજના ચાર સુધી ધંધા-રોજગાર ચાલુ રહેશે

ભિલોડા, તા.૨૦

ભિલોડા તાલુકામાં કોરોનાનો કહેર વધતાં તંત્ર દ્વારા આગામી રવિવારે બજારો સંપૂર્ણ બંધ રાખવા તેમજ સોમથી શનિ બજાર સાંજના ૪-૦૦ કલાકે બંધ રાખવાનો સર્વાનુમતે નિર્ણય લેવાયો છે.

અરવલ્લી જિલ્લો કોરોનાના સંક્રમણથી હચમચી ઉઠ્યો છે. ટપોટપ દર્દીઓ મોતને ભેટી રહ્યા છે. કેટલાક વિસ્તારોમાં આરોગ્ય વિભાગની નબળી સેવાઓની ફરિયાદ ઉઠી છે.

ભિલોડા વેપારી મથક હોવાથી ગ્રામ્ય વિસ્તારમાંથી મોટી સંખ્યામાં લોકો ખરીદી માટે આવે



છે અને આવનારા દિવસોમાં સંક્રમણ વધુ બેકાબુ બનવાનો ભય દેખાય છે ત્યારે ભિલોડા મામલતદારની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં તાલુકા વિકાસ અધિકારી, વેપારી મંડળના આગેવાનો, ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી ઉપસ્થિત રહ્યા હતા જેમાં કોરોનાના વધતા સંક્રમણ બાબતે ચિંતા વ્યક્ત કરી હતી અને આગામી રવિવારે ભિલોડાનું બજાર સંપૂર્ણ બંધ રહેશે. અન્ય દિવસોમાં સાંજના ૪-૦૦ વાગે બજાર બંધ રહેશે. જ્યારે મેડીકલ અને આવશ્યક સેવાઓ ચાલુ રાખવાનો પણ નિર્ણય કરાયો છે.

## જન્મદિને વધામણી



સંજયભાઈ આર. પટેલ (મુખ્ય શિક્ષક : પાટ્યો પ્રા. શાળા) આકરૂન્દ, તા.ધનસુરા



સંકેત પટેલ રામનગર, તા.ભિલોડા



કેયૂર પટેલ હિંમતનગર

# અરવલ્લી જિલ્લામાં ભાજપ દ્વારા મારૂ પેજ કોરોના મુકતની શરૂઆત

### ચૂંટાયેલા સભ્યો સંક્રમિત પરિવારની કાળજી લેશે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૦

ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર.પટેલે કોરોના સામે જંગ છેડ્યો છે. મારૂ પેજ કોરોના મુક્ત..નું સૂત્ર આપી જે તે વિસ્તારમાં ચૂંટાયેલા સભ્યો સંક્રમિત પરિવારની કાળજી લે તેવો અનુરોધ કર્યા પછી અનેક સભ્યોએ તેનો અમલ શરૂ કર્યો છે. જેના કારણે કોરોના સંક્રમણથી હતાશ થયેલા અનેક દર્દી અને તેમના પરિવારોમાં સાંત્વના મળવાના કારણે ખુશાલી જોવા મળી છે.

ભાજપ માત્ર મત માગવા માટે જ આવે છે તેવું નથી પરંતુ મતદાર તેમજ પ્રજાના દુઃખમાં પણ ભાગીદાર બને છે. ભાજપ દ્વારા ચૂંટણીમાં છેવાડાના માનવી સુધી પહોંચવા માટે પેજ પ્રમુખ અને સમિતિની રચના કરી હતી. તે જ રીતે હવે કોરોનાને હરાવવા માટે મારૂ પેજ કોરોના મુક્ત..વિચાર અમલી બનાવી પ્રદેશ અધ્યક્ષ દ્વારા તમામ કાર્યકરોને તેમાં કામે લાગી જવા હાકલ કરવામાં આવી છે. જેમાં જે તે વિસ્તારના સાંસદ, ધારાસભ્યો, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, નગરપાલિકાના ચૂંટાયેલા સભ્યોને તેમના વિસ્તારના પેજ સમિતિના સભ્યો અને તેમના પરિવારની કાળજી લેવા માટે જણાવવામાં આવ્યું છે અને તેમાં જરૂર પડે સેવાભાવિ સંસ્થાઓ અને અન્ય સેવાભાવિ લોકોનો સાથ મેળવવા પણ જણાવ્યું છે. જે તે વિસ્તારમાં હોસ્પિટલોમાં દર્દીઓ માટે બેડની સુવિધા નથી ત્યારે કોવિડ કેર સેન્ટર તેમના વિસ્તારમાં વધુ ને વધુ પ્રમાણમાં શરૂ થાય તે જોવા પણ જણાવવામાં આવ્યું છે. અરવલ્લી જિલ્લા ભાજપ સંગઠન દ્વારા પણ મારૂ પેજ કોરોના મુક્ત..ની શરૂઆત માટે આયોજન હાથ ઉપર લેવાયું છે.



**માલપુરના ઉભરાણમાં આરોગ્યની ટીમે રેપિડ ટેસ્ટ કરવાનો નન્નો ભણતાં હોબાળો**

માલપુર તાલુકાના ઉભરાણમાં આરોગ્યની ટીમો દ્વારા રેપિડ ટેસ્ટ શરૂ કરવામાં આવ્યા છે. મંગળવારે આરોગ્યની ટીમો રેપિડ ટેસ્ટ કરવામાં આવી ત્યારે જેમને તાવ આવ્યો હોય તેમના જ રેપિડ ટેસ્ટ થશે તેવું જણાવ્યા પછી સ્થાનિક આગેવાન દ્વારા કોઈને તાવ ન આવ્યો હોય પરંતુ થાક અનુભવાતો હોય તેવા લોકોનો રેપિડ ટેસ્ટ કરવા જણાવ્યું પરંતુ તંત્રએ માત્ર ને માત્ર તાવ આવતો હશે તેવા દર્દીનો જ રેપિડ ટેસ્ટ કરશે તેવો હઠાગ્રહ રાખતાં એક તબક્કે હોબાળો મચી ગયો હતો.

# ઉત્તર ગુજરાતમાં હવામાન પલ્ટાવ, કમોસમી માવઠાના ભયથી ખેડૂતો ફરી ચિંતામાં

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૦

ઉત્તર ગુજરાતના હવામાનમાં ફરી પલ્ટાવ જોવા રહેવાના કારણે બાગાયતી પાકને પણ નુકસાન થઈ રહ્યું છે.

લાગે છે કુદરત પ્રજા ઉપર વાયરલ બિમારીમાં પટકાઈ પડે છે. ફરી એકવાર કમોસમી માવઠાની દહેશત હાવિ થઈ ગઈ છે.



મળ્યો. વાદળછાયું વાતાવરણના કારણે કમોસમી માવઠાનો ભય હાવિ થયો છે. સરકાર દ્વારા ટેકાના ભાવે ઘઉંની ખરીદી બંધ કરવામાં આવી છે અને ખેડૂતોના આંગણે હજારો મણ ઘઉંના ઢગ છે. રખે ને માવઠું વરસે તો ખેડૂતો પાયમાલ થાય તેવો ભય ઉભો થયા છે. વારંવાર વાદળછાયું વાતાવરણ નારાજ છે. કોરોનાના કહેર સામે ઝઝુમતી પ્રજાને હવે મોસમ પલ્ટાવના કારણે આવનારી વિપદાઓ સામે પણ લડવાની તૈયારી કરવી પડશે. ગરમીનો પારો ઉંચકાયા પછી એકાએક હવામાન પલ્ટાવ થાય જેના કારણે મિશ્ર ઋતુનો અનુભવ થતો હોય છે જેના કારણે નાના બાળકો અને વૃદ્ધો સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં અડધા ઈંચ જેટલો વરસાદ વરસ્યા પછી તૈયાર પાક અને સૂકો ઘાસચારો ભીંજાઈ ગયો છે. આ સંજોગોમાં ઉત્તર ગુજરાતના સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લામાં રખે ને કમોસમી માવઠું વરસે તો ખેડૂતો મોટાપાયે પાયમાલ થઈ શકે છે.

# ડીસામાં ભવ્ય ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આયુર્વેદિક પોટલીઓનું વિતરણ

ડીસા શહેરમાં કાર્યરત ભવ્ય ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા વર્ષ દરમિયાન વિવિધ સેવાકીય કાર્યો પણ કરવામાં આવે છે ત્યારે હાલમાં કોરોનાની મહામારીના પગલે કોરોના પોઝિટિવ દર્દીઓનું ઓક્સિજન લેવલ વધારવા માટે કારગત નીવડેલી આયુર્વેદિક પોટલીઓનું વિતરણ કરવામાં આવ્યું



છે. ડીસા શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી કોરોના પોઝિટિવ કેસની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે નાના બાળકોથી લઈ મોટા લોકો પણ કોરોનાનો શિકાર બની રહ્યા છે કોરોના પોઝિટિવ દર્દીઓ માટે ઓક્સિજન લેવલ વધારવાનું કામ કરતી કપૂર, અજમો અને તુલસીના પાન જેવી આયુર્વેદિક વસ્તુમાંથી બનાવેલી પોટલી ખૂબ જ કારગત નીવડી રહી છે જેથી શનિવારે ભવ્ય ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા તેનુંવિતરણ કરવામાં આવ્યું હતું. કોરોના લક્ષણ ધરાવતા દર્દીઓને પણ આ પોટલીનો ઉપયોગ કરવો જોઈએ જેના લીધે કોરોનાનો શિકાર બનતા બચી શકાય તેમ છે.

## ડીસામાં ટ્રાવેલ્સ ઉદ્યોગની માંગણીઓને લઈ ધરણા

કોરોના મહામારી દરમિયાન ટ્રાવેલ્સ ઉદ્યોગની હાલત કફોડી બની છે આવા કપરા સમયે સહાય કરવાની જગ્યાએ સરકાર દ્વારા વિવિધ ટેક્સ સ્વરૂપે વધારો ઝીંકાયો છે. જેનો બનાસકાંઠા જિલ્લા પ્રવાસી વાહન સંચાલક મંડળ દ્વારા સખત વિરોધ કરવામાં આવી રહ્યો છે અને તેમની વિવિધ માગણીઓના મુદ્દે પ્રવાસી વાહન સચાલક મંડળના પ્રમુખ દિનેશભાઈ અનગઢ તા. ૧૮/૪/૨૧ થી ધરણા ઉપર બેઠા છે સમગ્ર જિલ્લામાં તેમને સમર્થન મળી રહ્યું છે તેના ભાગ રૂપે ડીસામાં પણ મહામંત્રી મહેન્દ્રભાઈ માળી તેમના સમર્થન માં ધરણા ઉપર બેઠા હતા અને જ્યાં સુધી તેમની વિવિધ માગણી ઓ જેવીકે (૧) એમ વી ટેક્સમાં છ મહિના સુધી સંપૂર્ણ માફી (૨) નોન યુઝ ટેક્સમાં સંપૂર્ણ માફી (૩) મરણ પથારીએ પડેલ ટ્રાવેલ્સ ઉદ્યોગને આર્થિક સહાય પેકેજ (૪) બોર્ડર ઉપર આર ટી પીસીઆર ના બદલે રેપીડ ટેસ્ટને માન્યતા (૫) આર .ટી. ઓ. ની હેરાનગતિ દૂર કરવા સિવાયની અન્ય માગણીઓને લઈ ધરણા ઉપર ઉતર્યા હતા અને જ્યાં સુધી આ માગણીઓ સ્વીકારવામાં નહિ આવે તો આગામી દિવસોમા માં તમામ ટ્રાવેલ ગાડીઓ આર. ટી. ઓ. ખાતે ખડકલો કરવામાં આવશે તેમ મહેન્દ્રભાઈ માળી જણાવ્યું હતું.

**ખરીદી કેન્દ્ર ઉપર લૂંટ**

# અરવલ્લીના ઘઉં ખરીદી કેન્દ્ર ઉપર ખેડૂતો પાસેથી ગુણી દીઠ તોલાટ દ્વારા રૂપિયા બે ખંખેરવાનો ખેલ

### ટેકાના ભાવે ઘઉં ખરીદી કેન્દ્રોમાં તોલાટને એકપણ રૂપિયો આપવાનો નથી : પુરવઠા વિભાગ, તપાસના આદેશ

બાયડ તા.૨૦

અરવલ્લી જિલ્લામાં ટેકાના ભાવે ઘઉં ખરીદી કેન્દ્ર ઉપર ખેડૂતો માલ પણ ખેડૂતોને પરવડતો નથી ત્યાં ગુણી દીઠ રૂા.૨ ફરજીયાત ખંખેરવાની સાજીશ કોના ઈશારે થઈ રહી છે..?? પહેલાં રજીસ્ટ્રેશન કરવામાં આવે છે પરંતુ છેલ્લા ૧૦ દિવસ દરમ્યાન તંત્રની અણઆવડતના કારણે કેટલાક ખેડૂતોને



ઠાલવવા માટે આવી રહ્યા છે ત્યારે કેટલાક કેન્દ્રો ઉપર તોલાટ દ્વારા ગુણી દીઠ ખેડૂતો પાસેથી ફરજીયાત રૂા.૨ વસુલવામાં આવે છે. આ મામલે તપાસ થાય તો કોન્ટ્રાક્ટર સહિત સ્થાનિક અધિકારીઓની મીલીભગતનો પર્દાફાશ થઈ શકે છે. સરકાર દ્વારા ખેડૂતો પાસેથી ૨૦ કીલો ઘઉં રૂા.૩૯૫ ના ભાવે ખરીદવામાં આવે છે આ ભાવ અરવલ્લી જિલ્લા પુરવઠા વિભાગે તોલાટને ગુણી ભરવા માટે એકપણ રૂપિયો આપવાનો નથી તેવું સ્પષ્ટ જણાવી તાત્કાલિક તપાસના આદેશ થયાનું જાણવા મળ્યું છે.

સરકાર દ્વારા ખેડૂતોને ખેતપેદાશના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે ઘઉં, મગફળી, ચણા સહિતના પાકની ટેકાના ભાવે ખરીદી કરે છે તે ટેકાના ભાવે ઘઉં વેચવા માટેના મેસેજ ટેકનિકલ કારણોસર મળ્યા ન હતા તેવા ખેડૂતો હજુ સુધી ઘઉંનું વેચાણ કરી શક્યા નથી. જ્યારે તા.૨૦ થી ૩૦ એપ્રિલ સુધી કોરોનાના વકરતા કહેરના કારણે ટેકાના ભાવે ઘઉંની ખરીદી બંધ કરવામાં આવી પરંતુ ખેડૂતોને ખરીદી મુલત્વી રહ્યાના મેસેજ ન કરાતાં અનેક કેન્દ્રો ઉપર ખેડૂતો વાહનોમાં ઘઉં ભરીને વેચવા માટે આવ્યા પરંતુ પરત જવાની નોબત આવતાં તંત્ર વચ્ચે સંકલનનો સ્પષ્ટ અભાવ સામે આવ્યો છે. આ બધા વચ્ચે એક ગંભીર ફરિયાદ સામે આવી છે કે જિલ્લાના કેટલાક ટેકાના ભાવે ઘઉં ખરીદના કેન્દ્રો ઉપર ઘઉં વેચવા આવતા ખેડૂતો પાસે ગુણી દીઠ રૂા.૨ ગેરકાયદેસર રીતે વસુલવામાં આવી રહ્યા છે આ મામલે તપાસ જરૂરી છે.

**તપાસના આદેશ અપાયા છે : ચીફ સપ્લાય ઈન્સપેક્ટર**

ટેકાના ભાવે ઘઉં ખરીદતા કેન્દ્રો ઉપર તોલાટને એકપણ રૂપિયો મજૂરી આપવાની નથી. પરંતુ કેટલાક ખરીદી કેન્દ્રો ઉપર રૂા.૨ ગુણી દીઠ વસુલવામાં આવે છે તેવી ફરિયાદ સામે આવી છે ત્યારે અરવલ્લી જિલ્લા પુરવઠા શાખાના ચીફ સપ્લાય ઈન્સ્પેક્ટર જીતેષ દેસાઈનો સંપર્ક કરતાં તેઓએ જણાવ્યું કે આવી કોઈ ફરિયાદ મને મળી નથી પરંતુ આ અંગે તપાસના આદેશ અપાયા છે. જરૂર પડશે તો મજૂરો પુરા પાડતા ઠેકેદારને પણ નોટિસ આપવામાં આવશે.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર



# જાહેર અપીલ



**હાલ દેશ અને ગુજરાત કોવિડ-૧૯ ની સામે ઝઝુમી રહેલ છે અને કોવિડ-૧૯ ની મહામારીનો સામનો કરવા માટે ઘણા લોકો આગળ આવી રહ્યા છે.**
**તો આવો, આ મહામારીની સામે લડવા વોલન્ટિયર તરીકે જોડાવા સૌને ગુજરાત સરકાર અપીલ કરે છે.**
**એવા વોલેન્ટિયર્સને કોવિડ-૧૯ સામે રક્ષણ આપવા માટે હેલ્થ કેર વર્કર તરીકે, કોવિડ-૧૯નું રસીકરણ માટે પ્રશંસા પ્રમાણપત્ર અને નીચે મુજબની માનદ્ રકમ આપવામાં આવશે.**

| ક્રમ | સંવર્ગ | લાયકાત | ૩૦ દિવસ માટે મળવાપાત્ર માનદ્ રકમ |
|---|---|---|---|
| ૧. | તજજ્ઞ, વર્ગ-૧ | એમ.સી.આઇ/એન.એમ.સી/ ડી.એન.બી/ માન્ય એમ.ડી / એમ.એસ.ની ડિગ્રી | રૂ. ૨,૫૦,૦૦૦/- |
| ૨. | તબીબી અધિકારી, વર્ગ-૨ | એમ.સી.આઇ/એન.એમ.સી/ સી.પી.એસ. માન્ય ડિપ્લોમા / એમ.બી.બી.એસની ડિગ્રી | રૂ. ૧,૨૫,૦૦૦/- |
| ૩. | ડેન્ટલ ડોક્ટર | ડેન્ટલ સાયન્સની ડિગ્રી | રૂ. ૪૦,૦૦૦/- |
| ૪. | આયુષ ડોક્ટર | આયુર્વેદ, હોમિયોપેથી અને યુનાનિ ડિગ્રી | રૂ. ૩૫,૦૦૦/- |
| ૫. | સ્ટાફ નર્સ, વર્ગ-૩ | નર્સિંગ કાઉન્સીલ માન્ય બી.એસ.સી/ જી.એન.એમ / એ.એન.એમની ડિગ્રી | રૂ. ૨૦,૦૦૦/- |
| ૬. | જુનિયર ફાર્માસિસ્ટ, વર્ગ-૩ | ડિપ્લોમા ઇન ફાર્મસી | રૂ. ૧૮,૦૦૦/- |
| ૭. | લેબોરેટરી ટેક્નિશિયન, વર્ગ-૩ | બી.એસ.સી કેમેસ્ટ્રી / માઇક્રોબાયોલોજી અને એમ. એલ. ટી. | |
| ૮. | એક્સ-રે ટેક્નિશિયન, વર્ગ-૩ | ગ્રેજ્યુએશન ક્રમ સરકાર માન્ય સંસ્થામાંથી એક્સ-રે ટેક્નિશિયનનો કોર્ષ કરેલ હોવો જોઇએ. | |
| ૯. | ઇ.સી.જી. ટેક્નિશિયન, વર્ગ-૩ | ગ્રેજ્યુએશન ઇન સાયન્સ તથા મેડિકલ ફિલ્ડનો બે વર્ષનો અનુભવ | |
| ૧૦. | વર્ગ-૪ | સરકારશ્રીના પ્રવર્તમાન લાયકાત અનુસાર | રૂ. ૧૫,૦૦૦/- |

(૧) આ સેવામાં જોડાવા માંગતા ડોકટરો, નર્સિંગ, પેરામેડિકલ તેમજ વર્ગ-૪ ના કર્મચારીઓએ અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ગાંધીનગર, જામનગર, જુનાગઢ, ભાવનગર મહાનગરપાલિકા વિસ્તારમાં જે-તે કોવિડ હોસ્પિટલના મેડિકલ સુપ્રિટેન્ડેન્ટનો સંપર્ક કરી નિમણૂક મેળવવાની રહેશે.
(૨) ઉક્ત જિલ્લા સિવાયના જિલ્લાઓ ખાતે જે-તે જિલ્લાના સી.ડી.એમ.ઓ.ની કચેરીનો સંપર્ક કરી નિમણૂક મેળવવાની રહેશે.

કોરોના સામેની આ લડતમાં યોગદાન આપવા અપીલ કરું છું.
**શ્રી નીતિનભાઇ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય**



માસ્ક પહેરો
હાથને વારંવાર સાબુ કે સેનેટાઇઝરથી સાફ કરો
બે મીટરનું અંતર રાખો